ॐ

શ્રી પરમકૃપાળુદેવાય નમઃ

નાટક સમયસાર

શિબિર - 30

સર્વવિશુદ્ધિ દ્વાર (છંદ ૧-૬)

WORKSHEET **Marks: 50**

Name: ..... Tel. No.: ..... Group: ..... Zone: .....

(I) નીચેના પ્રશ્નો માટે આપેલ વિકલ્પોમાંથી એક, બે કે ત્રણ વિકલ્પ સાચા હોઈ શકે. બધા સાચા વિકલ્પ પસંદ કરો. **Marks: 5**

૧. સર્વવિશુદ્ધિ દ્વાર ..... .

(a) નવ તત્ત્વમાંનું જ એક તત્ત્વ છે (b) કર્તા-કર્મનું વિસ્તરણ (એક્સટેન્શન) છે (c) આત્માને અકર્તા-અભોક્તા સિદ્ધ કરે છે

(d) ગ્રંથનું અંતિમ દ્વાર છે

૨. આ શિબિરના છંદોમાં આત્મરસી બનારસીદાસજી ..... .

(a) 'શુદ્ધ ચિદ્રૂપ' શબ્દ વાપરે છે, જે તત્ત્વજ્ઞાનતરંગિણી ગ્રંથમાં બહુ વપરાયો છે (b) સિદ્ધ ભગવાનની સ્તુતિ કરે છે

(c) નિશ્ચયનયથી આત્માને આદિ, મધ્ય અને અંતમાં સદા નિર્મળ કહે છે (d) ચૈતન્યપિંડ આત્મા જગતમાં સદા જયવંત રહે એવી સ્તુતિ કરે છે

૩. ધ્રુવતત્ત્વ ..... .

(a) પાતાળમાં છે (b) પર્યાયની ઉપર ટપકે છે (c) પર્યાયનું તળિયું છે (d) સદા છે તેથી સત્ય છે

૪. નીતિવાક્ય 'મનુષ્યરૂપેણ મૃગાશ્ચરન્તિ' અનુસાર ..... મૃગલા સમાન છે.

(a) સર્વ અભણ માણસો (b) સર્વ પંડિતો (c) જેને જ્ઞાયકસ્વભાવી આત્માનું ભાન નથી તે (d) સર્વ ત્યાગીઓ

૫. આત્માને પરનો કર્તા કહેવો તે ..... .

(a) આત્માની પ્રભુતાનો નાશ કરે છે (b) આત્માનો સાચો મહિમા પ્રગટ કરે છે (c) પરમ શુદ્ધ નિશ્ચયનયનું કથન છે (d) આત્માને કર્તા સિદ્ધ કરે છે

(II) નીચેનાં કથનો કયા નયનાં છે તે લખો. (ઉપચરિત વ્યવહારનય, અનુપચરિત વ્યવહારનય, અશુદ્ધ નિશ્ચયનય, શુદ્ધ નિશ્ચયનય, પરમ શુદ્ધ નિશ્ચયનય) **Marks: 5**

૧. ભોજન સ્વાદિષ્ટ હતું કે નહીં, તે મેં માત્ર જાણ્યું. .....

૨. આ બીમારી મારા પૂર્વકર્મનું ફળ છે, તે હું ભોગવું છું. .....

૩. કાર્યક્રમમાં મધુર સંગીત મેં માણ્યું. .....

૪. પરીક્ષાનું પરિણામ જોઈને જે ચિંતા થઈ, તે ચિંતા મેં જ ઊભી કરી છે. .....

૫. મેં અશાતાવેદનીય કર્મ બાંધ્યું. .....

૬. હું અપરિણામી, ધ્રુવ છું, તો કરવું-ભોગવવું ક્યાંથી? .....

૭. બહાર ગમે તે થાય, હું તો મારા જાણપણાનો જ અનુભવ કરું છું. .....

૮. કોઈએ અપમાન કર્યું ત્યારે જે દુઃખ થયું, તે મારા જ ભાવોથી ઊભું થયું અને મેં જ ભોગવ્યું. .....

૯. આ વર્ષે મેં ધંધામાં બમણો નફો કર્યો. .....

૧૦. દીકરાના લગ્નનું આયોજન તો થયું; હું તો માત્ર એ પ્રસંગ પ્રત્યેના રાગનો જ કર્તા છું. .....

(III) નીચેનાં કથનોમાં લીટી કરેલા શબ્દની બદલે યોગ્ય શબ્દ લખો, જેથી કથન સાચું થાય. **Marks: 5**

૧. જ્ઞાનીને રાગ પ્રત્યે ધિક્કારભાવ વર્તે છે. .....

૨. જ્ઞાની પુદ્‌ગલમાં ભેદ કરે. .....


૩. દોષનું હોવું અને દોષનું છૂટવું, બંને સ્વભાવમાં છે. .....


૪. જીવે પર્યાયમાં જ રમત માંડી છે, તેથી અવસ્થા ઓઝલમાં છે. .....


૫. માઇક્રોસ્કોપમાં જોતાં પ્રશ્ન ઊઠવો જોઈએ કે 'જોનાર કોણ છે?' .....

(IV) નીચેનાં ચિત્રોને તેના પરમાર્થ સાથે જોડો. **Marks: 5**


(a) 

(b) 


(c) 

(d) 

(e) 

(f) 

(g) 

(h) 

(i) 

(j) 

પરમાર્થ	**ચિત્ર**
૧. ગમે તેવા ઉદયમાં પણ જ્ઞાનીની જ્ઞાયકભાવની પકડ છૂટતી નથી.	
૨. ભૂલ થાય તો પોતાને દોષી ઠેરવી વારંવાર સંતાપ કરવાને બદલે નવેસરથી શરૂઆત કરવી.	
૩. જ્ઞાનસ્વભાવી આત્માની સાથે અનાદિથી કર્મનો સંબંધ છે.	
૪. આપણને આપણાં સામર્થ્યનો ખ્યાલ નથી, ગુરુ આપણને બતાવે છે કે આપણે મહાન કાર્ય માટે જન્મ લીધો છે.	
૫. જવાબદારીઓ વધારતો જીવ પોતે જ તેમાં બંધાઈ જાય છે, છૂટી શકતો નથી.	
૬. ધીમું આધ્યાત્મિક પરિવર્તન એ પરિવર્તનનો અભાવ નથી.	
૭. અસ્થિર ઉપર દૃષ્ટિ રાખો તો સ્થિરતા ન રહે.	
૮. ગ્રંથમાં આવતી વ્યવહારની વાતો નિષેધ કરવા માટે છે, ટીંગાડી રાખવા નહીં.	
૯. ગુરુ આપણાં જ્ઞાનને આચરણમાં ઉતારવામાં મદદ કરે છે.	
૧૦. પર્યાયમાં થતા રાગાદિ વિકારને કારણે હું અશુદ્ધ લાગું છું, પણ અશુદ્ધ નથી.	

(V) નીચેનું કથન સાચું છે કે ખોટું તે લખો. ખોટું હોય તો તેનું કારણ દર્શાવો. **Marks: 5**

૧. આત્માને કર્તા-ભોક્તા કહેવો તે સ્વભાવની સમજણમાં કલંકરૂપ છે.

.....

૨. અજ્ઞાન ટળતાં સ્વભાવદૃષ્ટિ થાય છે, પણ પર્યાયમાં કોઈ બદલાવ થતો નથી.

.....

૩. પૂજ્ય ગુરુદેવશ્રીએ કહ્યું કે ગુરુને સમર્પિત થવું એટલે પોતાનું માથું કાપીને તેમને આપી દેવું.

.....

૪. શુભ ક્રિયા જ આપણી આધ્યાત્મિક મૂડી છે.

.....

૫. આત્મસ્વભાવમાં ન આવરણ છે, ન ઉણપ છે, ન અશુદ્ધતા છે.

.....

(VI) એક વાક્યમાં જવાબ લખો. **Marks: 10**

૧. જીવ અજ્ઞાનથી શરીરને શું અને વિકારોને શું માની રહ્યો છે?

.....

૨. કર્મના સંબંધને કારણે કર્મફળરૂપે શેની પ્રાપ્તિ થાય છે, અને કર્મના ઉદયમાં જોડાવાને કારણે શેની પ્રાપ્તિ થાય છે?

.....

૩. નાટક સમયસાર ગ્રંથમાં આત્મા કેટલા જુદા જુદા વેશ લઈને આવ્યો? વાસ્તવમાં તે કેવો છે?

.....

૪. 'સર્વ જીવ છે સિદ્ધ સમ', એમ સાંભળી 'હવે મારે કંઈ કરવાનું નથી' એમ માનનારને પૂજ્ય ગુરુદેવશ્રીએ કયું સૂત્ર યાદ કરાવ્યું?

.....

૫. ચૈતન્યના અનંત ગુણોમાંથી લક્ષણ તરીકે આનંદ નહીં, પણ જ્ઞાન શા માટે છે?

.....

૬. જેમ કોઈને અંદરથી રડવું હોય તો પરાણે હસવામાં તેને જોર ન આવે, તેમ જ્ઞાનીની દૃષ્ટિનું જોર ધ્રુવ પર હોવાના કારણે ....

.....

૭. એકેન્દ્રિયને, બેઇન્દ્રિયથી પંચેન્દ્રિયને અને જ્ઞાનીને ત્રણ ચેતનામાંથી કઈ ચેતના હોય?

.....

૮. પર્યાયની અશુદ્ધતા, પરમાણુઓનું આવવું-બંધાવું અને દેહની રચના, એ અનુક્રમે ત્રિકર્મમાંથી કયાં કર્મ કહેવાય?

.....

૯. પૂજ્ય ગુરુદેવશ્રીએ એમ શા માટે કહ્યું કે કેવળજ્ઞાન પ્રગટ થવું તે જ્ઞાની માટે બહુ મોટી ઘટના નથી?

.....

૧૦. જ્ઞાનીએ શેની ઉપર નજરબંધી કરી છે, અને શેની ઉપર તેમની દૃષ્ટિ નથી?

.....

(VII) ટૂંકાણમાં જવાબ લખો. **Marks: 10**

૧. 'મિથ્યામતિસૌં કરતા હોઈ' - આનો પૂજ્ય ગુરુદેવશ્રીએ શું અર્થ સમજાવ્યો? આત્મરસી બનારસીદાસજીએ પોતાને કર્મનો કર્તા માનવો એને શેનો વિસ્તાર અને શેનો વિકાર કહ્યો?

.....

.....

.....

૨. વસ્તુનો વિશેષ ગુણ અને સામાન્ય ગુણ એટલે શું? તે સંબંધી જીવની મુખ્ય ભૂલ શું છે? રાગ ઘટાડવા શેના તરફ દૃષ્ટિ કરવી?

.....

.....

.....

૩. પરમપ્રકાશરૂપ નિજસ્વભાવમાં ક્ષેત્રથી, દ્રવ્યથી, કાળથી અને ભાવથી શું જાણવાનું સામર્થ્ય છે?

.....

.....

.....

૪. જ્ઞાનીમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર વર્ણ કેવી રીતે સમાય છે?

.....

.....

.....

૫. રાગ જડની પર્યાય કેમ નથી? તો રાગ કોની પર્યાય છે? શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની ૭૮મી કડી ચેતનને ક્યારે રાગનો કર્તા અને ક્યારે તેનો અકર્તા કહે છે?

.....

.....

.....

(VIII) મીમાંસા - સર્વ ઉપાધિ રહિત શુદ્ધ આત્માનું સ્વરૂપ **Marks: 5**

૧. આત્મરસી બનારસીદાસજીએ એમ શા માટે કહ્યું છે કે આત્મામાં એકેન્દ્રિયાદિ પાંચ ભેદોનું કથન નથી? - 1 Mark

.....

૨. આત્મરસી બનારસીદાસજીએ આત્માને <u>પરમ</u> પવિત્ર શા માટે કહ્યો છે? - 1 Mark

.....

૩. આત્મરસી બનારસીદાસજીએ આત્માને કઈ અપેક્ષાએ લોકવ્યાપી કહ્યો? લોકથી પર અને લોકમાં પૂજનીય શા માટે કહ્યો? - 1½ Marks

.....

.....

.....

૪. સ્ત્રી - પતિ - પુત્ર - કોનો પક્ષ. ટૂંકમાં દૃષ્ટાંત લખી તેનો પરમાર્થ સમજાવો. - 1½ Marks

.....

.....

.....

* * *